*This Question Paper contains 8 printed pages.*

Seat No.: | | | | | | | |

Sl. No. : 145213

# 001(G)

**(May, 2021)**

***Time : 3 Hours]*** ***[Maximum Marks : 100***

સૂચનાઓ :

1) આ પ્રશ્નપત્ર A, B, C, D, E પાંચ વિભાગમાં વહેંચાયેલું છે.
2) પ્રશ્ન પ્રકાર પ્રમાણે વિકલ્પ આપેલ છે.
3) જમણી બાજુના અંક ગુણભાર દર્શાવે છે.
4) ભાષા શુદ્ધિ, લખાણ, મૌલિકતાને ગુણ પ્રાધાન્ય આપવામાં આવશે.

---

## વિભાગ - A પદ્ય આધારિત

■ **નીચેના આપેલ બહુ વિકલ્પ ધરાવતા પ્રશ્નોના ઉત્તર સાચો વિકલ્પ શોધી લખો. (પ્રત્યેકનો 1 ગુણ)** **[3]**

1) ઈશ્વર દેવ બનીને ક્યાં બિરાજે છે ?

(અ) વૃક્ષમાં (બ) આકાશમાં (ક) દેહમાં (ડ) સર્વ તત્ત્વમાં

2) ફાટેલા સાડલામાં બા શું સીવે છે ?

(અ) નિસાસા (બ) જીવતર (ક) દુઃખ (ડ) પતિની યાદ

3) નળ રાજા કયા દેશના રાજા હતા ?

(અ) મગધ (બ) કૌતલ (ક) અયોધ્યા (ડ) નૈષધ

■ **નીચેના પ્રશ્નોના માંગ્યા મુજબ ઉત્તર લખો. (પ્રત્યેકનો 1 ગુણ)** **[3]**

4) મધ્યકાલીન સાહિત્યમાં કવિ શિરોમણીનું બિરુદ કોને પ્રાપ્ત થયું છે ?

5) કવિ શ્રી બોટાદકરનું આખું નામ આપો.

6) લક્ષ્મણે ઉર્મિલાની સરખામણી કોની સાથે કરી છે ?

■ **નીચેના પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર આપો. (પ્રત્યેકનો 1 ગુણ)** **[4]**

7) વીરસેન કોના પિતા હતા ?

8) ગોપી શો નિયમ લે છે ?

9) લોકગીતની નાયિકા કોને સંદેશો લઈ જવાનું કાર્ય સોંપે છે ?

10) ઓલિયો આદમી શા માટે થંભી ગયો ?

■ **નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર લખો. (કોઈપણ ત્રણ)** **[6]**

11) ચારેય દેવોએ એકબીજાને શા - શા શાપ આપ્યા ?

12) હરિ શા માટે આવ્યા ? તેણે શું જોયું ?

13) કવિને બધી કાળી વસ્તુમાં કપટનો ભાવ શા માટે જોવા મળે છે ?

14) નાયિકા શો સંદેશો મોકલાવે છે ?

■ **નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો. (કોઈપણ એક)** **[4]**

15) 'બા એકલા જીવ કાવ્યના આધારે બા ના વર્તમાન અને ભૂતકાળ વર્ણવો.

**અથવા**

રામબાણ પદનો મર્મ તમારા શબ્દોમાં લખો.

## વિભાગ - B ગદ્ય આધારિત

■ **નીચે આપેલ બહુવિકલ્પ ધરાવતા પ્રશ્નોના ઉત્તર વિકલ્પમાંથી શોધીને લખો. (પ્રત્યેકનો 1 ગુણ)** **[3]**

16) પ્રભાશંકરે તૈયાર કરેલ ગાંધીજીનું તૈલચિત્ર કોના હસ્તે ખુલ્લું મુકેલું ?

(અ) ઓસ્વાલ્ડ બિર્લી (બ) અનંતરાય

(ક) ડૉ. રાજેન્દ્ર પ્રસાદ (ડ) મહારાજા ભાવસિંહજી

17) 'એક ઘા અને બે કટકા' કોનું સૂત્ર હતું ?

(અ) લવંગી બહેન (બ) ભોજાનું

(ક) હીરાનું (ડ) જીવલીનું

18) વિનોબાને ગાંધીજીના પ્રથમ દર્શને શેનો પાઠ મળ્યો ?

(અ) પ્રમાણિકતા (બ) અહિંસાનો

(ક) સત્યનો (ડ) શરીર શ્રમનો

■ **નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર લખો.** **[3]**

19) લેખિકાએ અમરનાથની યાત્રાએ જતાં લીધેલા પાણીદાર ઘોડાના નામ જણાવો.

20) ઇવાડેવ કોનું ઉપનામ છે ?

21) સૌજન્યશીલ પ્રભાશંકર પાઠનો સાહિત્ય પ્રકાર જણાવો.

■ **નીચેના પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર આપો. (પ્રત્યેકનો 1 ગુણ)** **[4]**

22) ચેખવની વાર્તાનો 'શરત' નામે અનુવાદ કોણે કર્યો છે ?

23) મણીભાઈની પત્ની હીરાને શેનો શોખ હતો ?

24) યુધિષ્ઠિર કૌરવો સાથેની લડાઈને કોની સાથે સરખાવે છે ?

25) કોચરબ આશ્રમમાં વિનોબા માટે કયું દશ્ય નવી નવાઈનું હતું ?

■ **નીચેના પ્રશ્નોના ઉત્તર ત્રણ-ચાર વાક્યમાં લખો. (કોઈપણ ત્રણ) (પ્રત્યેકના 2 ગુણ)** **[6]**

26) યુવાન વકીલની સજા માટે કઈ કઈ શરતો નક્કી થઈ ?

27) સેલ્વી પંકજમ્ નાયકનું સ્વાગત કેવી રીતે કર્યું ?

28) પોતાનું શેષ જીવન વનમાં ગાળી યુધિષ્ઠિરને શું કરવું છે ?

29) અમરનાથની યાત્રાએ જતાં લેખિકાને હરધનના મેદાનમાંથી વહી જતી 'શેષ' નદી કેવી લાગે છે ?

■ **નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો. (કોઈપણ એક)** **[4]**

30) એક વર્ષની રજા લઈ વિનોબાએ કયાં કયાં કાર્યો કર્યાં ?

**અથવા**

સેલ્વી પંકજમ્‌ની હકીકત જાણ્યા પછી નાયકે કયું મનોમંથન અનુભવ્યું ?

## વિભાગ - C પાઠ્ય પુસ્તક આધારિત વ્યાકરણ

■ **નીચેના સમાનાર્થી શબ્દો સામ સામે જોડી લખો. (ગમે તે ચાર)** **[2]**

| | | |
|---|---|---|
| 31) સભ્ય | ધર્મ | ભલાઈ |
| 32) સૌજન્ય | વિવેકી | જીદ |
| 33) કર્તવ્ય | જક | પ્રજ્ઞા |
| 34) હઠ | મતિ | શિષ્ટ |
| 35) બુદ્ધિ | સુજનતા | ફરજ |

■ **નીચેના વાક્યમાં રેખાંકિત શબ્દના સ્થાને તેનો વિરુદ્ધાર્થી શબ્દ લખી વાક્યનો અર્થ બદલાય નહીં તે રીતે ફરીથી લખો. (ગમે તે ચાર)** **[2]**

36) ટેકરાની જમીન <u>કઠણ</u> ન હતી.

37) હું <u>અસભ્ય</u> માણસમાંથી સેવક બન્યો છું.

38) મારો ચોકીદાર <u>ઈમાનદાર</u> છે.

39) આ તો <u>ગૌણ</u> ભાષા છે.

40) મીસ પંકજમ્‌નો હું <u>મહેમાન</u> છું.

■ **નીચેના શબ્દસમૂહો માટે એક શબ્દ લખો. (કોઈપણ ચાર)** [2]

41) વેદનો અંતિમ ભાગ.

42) રાંધવા માટે પહેલેથી ગરમ કરવા મૂકેલું પાણી.

43) જીવનના છેલ્લા શ્વાસ સુધીની કેદ.

44) જટા ધરાવતા અસુર.

45) વંશ પરંપરાથી ચાલતો આવેલો વિશિષ્ટ ધર્મ.

■ **તળપદા શબ્દોનું શિષ્ટ ભાષાના માન્ય અર્થ લખો. (પ્રત્યેકનો અડધો ગુણ)** [1]

46) ડોબુ

47) ડોફુ

■ **નીચેના શબ્દોની સાચી જોડણી લખો. (કોઈપણ બે)** [1]

48) દિકરી

49) પત્થર

50) આધૂનીક

■ **નીચેના પ્રશ્નોના ઉત્તર કૌંસમાં દર્શાવેલ સૂચના પ્રમાણે લખો. (કોઈપણ છ) (પ્રત્યેકનો અડધો ગુણ)** [3]

51) માત્ર અમારાં કેમેરામાં પાણી ન પેસે તેની અમને ચિંતા હતી. (નિપાત શોધો)

52) અરે, લૂગડાં ........ ગાંસડા મોઠે આ ટેકરાનાં પેટમાં દટાણાં છે. (ખાલી જગ્યામાં નિપાત લખો)

53) બાર બાર વરસ વનવગડામાં આથડ્યા. (વિશેષણ શોધો)

54) .......... બાકોરું પાડી શેષ નદી ચંદનવાડી તરફ વહે છે. (ખાલી જગ્યામાં વિશેષણ લખો)

55) કેમ આવવાનું થયું ? (કૃદંત શોધો)

56) તે સ્થળેથી ........ અમને મન થતું ન હતું. (ખાલી જગ્યામાં કૃદંત લખો)

57) બા દોડતી દોડતી બહાર આવી. (કૃદંત શોધી પ્રકાર લખો)

■ **નીચેના રૂઢિપ્રયોગના અર્થ આપી તેનો વાક્યમાં પ્રયોગ કરો. (કોઈપણ બે) (પ્રત્યેકનો 1 ગુણ)** **[2]**

58) ખાતર પાડવું

59) જાગ્યા ત્યાંથી સવાર

60) લોહી ઊકળી ઊઠવું

■ **નીચેના વાક્યમાં કૌંસમાં દર્શાવેલ સૂચના પ્રમાણે ઉત્તર લખો. (કોઈપણ ત્રણ) (પ્રત્યેકનો 1 ગુણ)** **[3]**

61) મેં તો એ પહેલા ક્યારેય શાક સમાર્યું ન હતું. (લેખન રૂઢિની દૃષ્ટિએ સુધારો)

62) નદી તટે કિનારે અમરનાથના જાત્રાળુઓ માટે છાપરાં બાંધેલા છે. (ભાષા શુદ્ધ કરો)

63) તમે અસત્યમાં સત્ય માની લીધું (પ્રત્યય સુધારો)

64) તે ખાટલો સૂતો હતો ફળિયામાં નાનકડો ઢાળી ચાલીના (વાક્યમાં પદક્રમ ગોઠવો)

■ **નીચેના સંયુક્ત કે સંકુલ વાક્યોને સાદા વાક્યમાં ફેરવી ફરીથી લખો. (કોઈપણ બે) (પ્રત્યેકનો 1 ગુણ)** **[2]**

65) તેઓ મને સારી રીતે રાખે છે. એટલે નિષ્કારણ તેમની નોકરી મારાથી ન છોડાય.

66) ભીમસેન અને તારામાં અઢળક બળ છે એ હું જાણું છું પણ તેથી મારી બુદ્ધિમાં શંકા લાવવાનો તમને અધિકાર નથી.

67) ઓરડો નાનો હતો પણ ખૂબ ચીવટથી સજાવેલો હતો.

■ **નીચેના સાદાં વાક્યોને સંયુક્ત કે સંકુલ વાક્યમાં ફેરવી લખો. (કોઈપણ બે) (પ્રત્યેકનો 1 ગુણ)** **[2]**

68) તમે વીસ લાખનું જોખમ ઉઠાવો છો. હું મારી સ્વતંત્રતાનું જોખમ ઉઠાવું છે.

69) હું કાશી આવ્યો. બાપુના એક ભાષણની ગરમ ગરમ ચર્ચા ચાલ્યા કરતી હતી.

70) બીજે દિવસે સવારે પેહેરેગીર આવ્યો. તેણે સમાચાર આપ્યા કેદી (વકીલ) ભાગી છૂટ્યો છે.

## વિભાગ - D અર્થગ્રહણ

■ **નીચેનું કાવ્ય વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો. (પ્રત્યેકનો 1 ગુણ)** [5]

છલકાતું તળાવ એમ છલકાય ટહુકો
પળેપળને ભીની કરી જાય ટહુકો
મહેકતો રહે ફૂલ ગજરાની માફક
હવામાં શી તાજપ ભરી જાય ટહુકો
તૂટી પડશે તરડાઈને નીલિમા કંઈ
જરાપણ જો નભ સાથે અફળાય ટહુકો
તમે મૌન દોરા સમું જો કરીને
પરોવી શકો તો પોરવાય ટહુકો
ફૂટી નીકળે પાંખનું પીછું થઈને
વિહગના ગળામાં જે રહી જાય ટહુકો
બરડ શુષ્ક શબ્દોના અવકાશમાં નિત
લીલોછમ મૃદુ તારો સંભળાય ટહુકો
કોઈ મોરપીંછને મૂંગુ કરી દો
હવે મુજથી એકે ન સચવાય ટહુકો

— મનોજ ખંડેરીયા

**પ્રશ્નો :-**

**71)** કવિ 'ટહુકા'નો શો અર્થ કરે છે ?

**72)** કવિને 'ટહુકા'નો કેવા કેવા પ્રકારનો અનુભવ થાય છે ?

**73)** કવિએ પ્રકૃતિ પર 'ટહુકા'નો કેવો પ્રભાવ વર્ણવ્યો છે ?

**74)** છેલ્લી પંક્તિમાં કવિ મોરપીંછને મૂંગા કરવા કેમ ઇચ્છે છે ?

**75)** કાવ્યને યોગ્ય શીર્ષક આપો.

■ **નીચેના પાઠ્યેત્તર ગદ્યખંડના આધારે આપેલા પ્રશ્નોના ઉત્તર એક-બે વાક્યમાં લખો. (પ્રત્યેકનો 1 ગુણ)** [5]

આપણું વાંચન એ જ આપણાં જીવનનું ખરું પ્રતિબિંબ છે. આંતરિક જીવનનો માપદંડ છે. ઉત્તમ પુસ્તકો આપણાં શ્રેષ્ઠ મિત્રો છે. તે આપણને

ઉમદા જીવન દૃષ્ટિ આપે છે. આપણાં જીવનનું ઘડતર કરે છે. લાગણીને કિનારે મનુષ્ય માત્ર સમાન છે. એ હકીકત જગતની ઉત્તમ સાહિત્ય કૃતિના વાંચનથી આપણાં હૃદયમાં કોતરાઈ જાય છે. ભક્તિને હૃદયમાં ઉતારનાર મૃત્યુથી નહીં ડરે. ભાગવતનું અધ્યયન કરનારના ઉરમાં પ્રભુ પ્રેમ છલકાતો હશે. જૈન ગ્રંથો વાંચન અહિંસાનો ઉપાસક હશે. પુસ્તક આપણાં જીવનને ઉદાત બનાવે છે. ઉત્તમ કોટીના પુસ્તકોનું વાંચન મનુષ્યને ઉચ્ચ શિખરે લઈ જાય છે. આમ પુસ્તકો આપણાં માટે ઉત્તમ મિત્ર, માર્ગદર્શક અને તત્ત્વચિંતકની ગરજ સારે છે.

**પ્રશ્નો :-**

76) માણસનું ખરું પ્રતિબિંબ કયું છે ?

77) ઉત્તમ પુસ્તકથી શું લાભ થાય છે ?

78) કેવા સંજોગોમાં મનુષ્ય સમાન છે ?

79) પુસ્તકો આપણા માટે કઈ ગરજ સારે છે ?

80) ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

■ **નીચેના ગદ્યખંડને ત્રીજા ભાગમાં સંક્ષેપ કરી યોગ્ય શીર્ષક આપો.** **[5]**

81) વિદ્યાર્થીનું પ્રથમ કર્તવ્ય પોતાના મગજને સ્વતંત્ર રાખવાનું છે. પરિપૂર્ણ સ્વતંત્રતાનો સૌથી વધુ અધિકાર વિદ્યાર્થીનો છે. શ્રદ્ધા વિના વિદ્યા સંભવિત નથી. જ્ઞાનનો આરંભ શ્રદ્ધાથી થાય છે. પરંતુ પરિસમાપ્તિ સ્વચિંતનથી થાય છે. વિદ્યાર્થીનું બીજું કર્તવ્ય જાત પર કાબુ રાખવાનું છે. જો વિદ્યાર્થી સત્ય સંકલ્પ કરતો થઈ જાય તો વિશ્વની કોઈપણ તાકાત તેને અટકાવી શકે નહીં ત્રીજું કર્તવ્ય સેવાભાવનું છે. સેવા વિના જ્ઞાન નથી. મહાભારતના યક્ષ પર્વમાં વૃદ્ધોની સેવા કરવાથી જ્ઞાન પ્રાપ્ત થાય છે તે પ્રકારની કથા છે. ચોથું કર્તવ્ય સાવધાન રહવું તે છે. દુનિયાની તમામ બાબતોનું તટસ્થ બુદ્ધિથી અવલોકન કરવું જોઈએ. બુદ્ધિ સંકુચિત ન જોઈએ અને દિલ તથા દિમાગ વિશાળ કરવા જોઈએ.

— વિનોબા ભાવે

■ **નીચેના ગદ્યખંડને કાળ કથન રીતિ પ્રમાણે વિચાર વિકાસના ક્રમમાં ગોઠવીને ફરીથી લખો.** **[5]**

82) એણે નાનકડી બારીની અંદર ડોકિયું કર્યું. કેદીની પીઠ સિવાય કશું દેખાતું ન હતું. ટેબલ પર અને ટેબલની બાજુમાં (પાથરેલી) શેતરંજી પર

ખુલ્લા પુસ્તકો દેખાતા હતાં. વૃદ્ધ બેંક માલિક વિચારવા લાગ્યો, 'હું જો મારા ધાર્યા પ્રમાણે કરું તો લોકોને સૌ પ્રથમ શંકા ચોકીદાર પર પડશે.' તે જેલના બારણા પાસે ગયો. કેદીના ઓરડામાં મીણબત્તી સળગતી હતી. કેદી ટેબલ પર બેઠો હતો.

## વિભાગ - E લેખનની સજ્જતા

83) તમે રહો છો તે વિસ્તારમાં 'રખડતાં ઢોરનો ત્રાસ' વધી રહ્યો છે. આ બાબતની ફરિયાદ કરતી અરજી નગરપાલિકાના ચીફ ઓફિસરને લખો. [5]

84) નીચેના પાઠ્યેતર ગદ્યખંડનું વાદાત્મક ગદ્યમાં રૂપાંતર કરો. [5]

સ્ત્રીની સમાનતા એટલે પુરુષના આધિપત્યનો ઈન્કાર; પુરુષના સાથનો ઈન્કાર નહીં સ્ત્રીને પુરુષનો અને પુરુષને સ્ત્રીનો સાથ, એ જીવનમાં પ્રેમ-શક્તિ આનંદનો સ્ત્રોત છે. આ પ્રેમને સંબંધ દ્વારા બન્ને ઘણું પામે છે. પોતાના કેન્દ્રની સાંકડી સરહદમાં તેઓ બહાર નીકળી શકે છે. સ્ત્રી મુક્તિમાં પુરુષ વિહોણાં જીવનની કલ્પના નથી. પણ પરસ્પર સ્નેહ - સંવાદ વડે સમૃદ્ધ બનતાં જીવનની વિભાવના છે. પણે આવા સંબંધ સમાનતાના પાયા પર જ રચાઈ શકે.

**અથવા**

નીચે આપેલા શબ્દોનો ઉપયોગ કરી 70-80 શબ્દોમાં ભાવાત્મક ગદ્ય લખો.

- સ્વતંત્રતા - ક્લબ પાર્ટી - મોડી રાત સુધી ભટકવું - મિત્રોનો સંગદોષ - નશીલા પદાર્થોનું સેવન - ટેવ - મજબૂરી - સમાજ, મિત્રોમાં બદનામી - પસ્તાવો.

85) નીચેનામાંથી કોઈ એક વિષય પર આશરે 250 શબ્દોમાં નિબંધ લખો. [10]

– કોરોના વૈશ્વિક મહામારી : - પ્રસ્તાવના - કોરોના ઉદ્ભવ - લક્ષણો - વૈશ્વિક મહામારી - રસીની શોધના પ્રયત્નો - વ્યક્તિએ રાખવાની તકેદારી - એ જ માત્ર ઉપાય - આર્થિક પ્રશ્નો - ઘરગથ્થુ ઉપચાર - ઉપસંહાર

– મારાં શૈશવના સંસ્મરણો : - શૈશવની કથા રમ્ય - ઘર અને બાળમિત્રો - બાલ મંદિર અને પ્રાથમિક શાળાના સંસ્મરણો - વેકેશનના સંસ્મરણો - પરિવાર સાથેના સંસ્મરણો - ઉપસંહાર

– પ્રકૃતિના સૌમ્ય - રૌદ્ર સ્વરૂપો : - પ્રકૃતિનું રમ્ય સ્વરૂપ - શરદ, વસંત ઋતુ - પ્રકૃતિના રૌદ્ર સ્વરૂપ - અતિવૃષ્ટિ - અનાવૃષ્ટિ - વાવાઝોડુ - ભૂકંપ - ઉપસંહાર

◆◆◆

This Question Paper contains 4 printed pages.

Seat No.: | | | | | | | |

Sl. No. : 100101

# 181(G)

**(May, 2021)**

***Time : 3 Hours]*** ***[Maximum Marks : 100***

સૂચનાઓ :

1) આ પ્રશ્નપત્રમાં કુલ 54 પ્રશ્નો છે.
2) પ્રશ્નની સૂચના પ્રમાણે જ જવાબ લખવા.
3) પ્રશ્નની સામે લખેલ અંક ગુણ દર્શાવે છે.
4) નવો વિભાગ નવા પાના પર લખવો.

## વિભાગ - A

■ **નીચે આપેલા 1 થી 15 સુધીના હેતુલક્ષી પ્રશ્નો છે. આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરીને લખો. દરેક પ્રશ્નનો 1 ગુણ છે.** [15]

1) વાહન ને એક અંતર આગળ ખસેડે છે.
(A) અંતરપટ્ટી (B) કોઠાપટ્ટી
(C) પ્રત્યંતરકળ (D) પંક્તિ અંતર નિયામક

2) અધ:રેખાની નિશાની કઈ હારમાં આવેલી છે ?
(A) પહેલી (B) બીજી
(C) ત્રીજી (D) ચોથી

3) ગુજરાતી મુદ્રાયંત્રમાં કેટલી કળ આવેલી હોય છે ?
(A) 42 (B) 84
(C) 46 (D) 92

4) કચેરી ના કામકાજ નું મુદ્રાલેખન કેટલા અંતર માં કરવામાં આવે છે ?
(A) એક (B) બે
(C) ત્રણ (D) ચાર

5) કોઠા પત્રકો છાપવા અટક સ્થાનો નક્કી કરવા કઈ કળ વપરાય છે ?
(A) હાંસિયા મુક્તિ કળ (B) કોઠા નિર્ણાયક કળ
(C) કોઠા મુક્તિ કળ (D) કળમોચક

P.T.O.

6) બે લીટીઓ વચ્ચે યોગ્ય અંતર રાખવા માટે કઈ કળ ઉપયોગી છે ?

(A) કળ મોચક
(B) હાંસિયા નિયમન કળ
(C) અંતરપટ્ટી
(D) પંક્તિ અંતર નિયામક

7) અલ્પવિરામ પછી કેટલા અંતર જગ્યા છોડવામાં આવે છે ?

(A) ચાર
(B) બે
(C) ત્રણ
(D) એક

8) મુદ્રાલેખક ના મેજ ની ઊંચાઈ કેટલી હોવી જોઈએ ?

(A) 28″
(B) 18″
(C) 26″
(D) 16″

9) ફકરાની પહેલી લીટી શરૂ કરતાં કેટલા અંતર જગ્યા છોડવી જોઈએ ?

(A) પાંચ
(B) દશ
(C) છ
(D) ચાર

10) સ્ટેન્સિલ પેપર ક્યાં સુધી કાપવું સલાહ ભર્યુ છે ?

(A) 60
(B) 70
(C) 80
(D) 50

11) સ્ટેન્સિલ પર થયેલ ભૂલ સુધારી શકે છે ?

(A) કરેક્ટીંગ ફ્લ્યુડ
(B) કેરોસીન
(C) સ્પિરિટ
(D) પેટ્રોલ

12) ફુલસ્કેપ કાગળ નું માપ જણાવો.

(A) 10″ × 8″
(B) 13″ × 8½″
(C) 8″ × 5″
(D) 11″ × 8½″

13) પત્રમાં મેળવનાર નું સરનામું કઈ બાજુએ લખાય છે ?

(A) ઉપરની બાજુ
(B) ડાબી બાજુ
(C) નીચેની બાજુ
(D) જમણી બાજુ

14) પાંચ નકલ કાઢવા માટે કેટલા કાર્બન કાગળની જરૂર પડે ?

(A) 4
(B) 3
(C) 5
(D) 7

15) પરબિડિયા પર નું સરનામું મોટું હોય તો કેટલા અંતર માં છાપવું જોઈએ ?

(A) એક
(B) બે
(C) ત્રણ
(D) ચાર

## વિભાગ - B

■ **નીચે આપેલા 16 થી 30 પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો. દરેક પ્રશ્નના 1 ગુણ છે.** **[15]**

16) મુદ્રાયંત્ર ના શોધક નું નામ જણાવો.

17) હાંસિયા મુક્તિ કળ દબાવવાથી શું થાય છે ?

18) દરેક કળ માં કેટલી સંજ્ઞાઓ આવેલી હોય છે ?

19) કાગળ ને પવન થી ઊડતો અટકાવવા શા નું દબાણ આપશો ?

20) કળસ્પર્શ પધ્ધતિ કોને કહેવાય ?

21) વાહન ને જમણી બાજુ એ ખસેડવા કઈ કળનો ઉપયોગ થાય છે ?

22) એક પંક્તિ અંતર એટલે શું ?

23) મુદ્રા લેખક ની ખુરશી ની ઊંચાઈ જણાવો.

24) 'સ્ટેન્સિલ' કાગળ કેટલા પ્રકાર ના હોય છે ?

25) 'સ્ટેન્સિલ' કાગળ નો ઉપયોગ જણાવો.

26) સહપત્ર કોને કહેવાય ?

27) સરનામું છાપવાની મુખ્ય પધ્ધતિ કઈ કઈ છે ?

28) પત્રમાં મોકલનાર નું સરનામું કઈ બાજુ લખાય છે ?

29) કોઈપણ લખાણની થોડીક નકલો એકી સાથે તૈયાર કરવા શાનો ઉપયોગ કરશો ?

30) ધંધાના રહસ્યો ખુલ્લા પડતા અટકાવવા કયા પરબિડિયા નો ઉપયોગ કરશો ?

## વિભાગ - C

■ **નીચે આપેલા 31 થી 39 પ્રશ્નોના ત્રણથી ચાર વાક્યમાં જવાબ લખો. (કોઈપણ સાત) દરેક પ્રશ્નના 3 ગુણ છે.** **[21]**

31) અંગ્રેજી મુદ્રાયંત્ર અને ગુજરાતી મુદ્રાયંત્ર નો તફાવત જણાવો.

32) દરેક કળ ઉપર કેટલી સંજ્ઞાઓ આવેલી છે ? કઈ કઈ ? તે કેવી રીતે છાપી શકાય છે ?

33) વાહન ને એક અંતર પાછું ધકેલનાર કળ કરતાં અંતરપટ્ટી કેવી રીતે તદન વ્યસ્ત કાર્ય કરે છે તે સમજાવો.

34) એક તરફ છાપેલા કાગળ ની બીજી બાજુએ છાપવા શું કરશો ?

35) પંક્તિ અંતર ની ગોઠવણી કેવી રીતે કરશો ?

36) 'બારીવાળા પરબિડિયા' વિષે લખો.

37) 'તાજાકલમ' વિષે લખો.

38) 'સ્ટેન્સિલ' કાગળ વિષે લખો.

39) મુદ્રાયંત્રમાં ચપરડટ્ટા પોતાની કાર્યવાહી કેવી રીતે કરે છે ? તે સમજાવો.

## વિભાગ - D

■ **નીચે આપેલા 40 થી 47 પ્રશ્નોના સવિસ્તાર જવાબ લખો. (કોઈપણ છ)**
**દરેક પ્રશ્નના 4 ગુણ છે.** **[24]**

40) અધઃરેખા અને સાંધણ રેખા બંને એક નથી. શા માટે ?

41) 'પ્રત્યંતર કળ' વિષે લખો.

42) 'કળસ્પર્શ' પધ્ધતિ ના લાભ જણાવો.

43) 'પંક્તિ અંતર નિયામક' વિષે લખો.

44) 'સ્ટેન્સિલ' કાગળ કાપતાં પૂર્વે મુદ્રાલેખકે કઈ કઈ તૈયારીઓ કરવી પડે છે ?

45) પત્ર વ્યવહાર ના પ્રકાર જણાવી સવિસ્તૃત સમજૂતી આપો.

46) કાર્બન કાગળ ગોઠવવાની રીત જણાવો.

47) મુદ્રાલેખન ને આકર્ષક બનાવવાના સૂચનો જણાવો.

## વિભાગ - E

■ **નીચે આપેલા 48 થી 54 પ્રશ્નોનાં મુદ્દાસર જવાબ લખો. (કોઈપણ પાંચ)**
**દરેક પ્રશ્નના 5 ગુણ છે.** **[25]**

48) મુદ્રાયંત્રના વિવિધ પ્રકાર સવિસ્તૃત સમજાવો.

49) દર્શકકળો કઈ કઈ છે ? તે શા માટે અગત્યની ગણાય છે ? તેની તાલીમ કેવી રીતે લેવી જોઈએ ?

50) વાહન ના મુખ્ય ભાગો જણાવી કોઈપણ બે ભાગ વિષે લખો.

51) 'કાગળદાબ ગરગડીઓ સાથે' રચના અને કાર્ય જણાવો.

52) 'કાગળ નું મધ્યસ્થાન' નક્કી કરવાની રીતો ઉદાહરણ સહ સમજાવો.

53) પરબિડિયાં ઉપર સરનામું છાપતાં ધ્યાનમાં રાખવાની બાબતો જણાવો.

54) મુદ્રાયંત્રના લાભ જણાવો.

◆◆◆